**ફોજદારી કેસ નં. ૨૮૬/૨૦૧૭ ના કામે આંક ૬૪ અરજી લગત હુકમ**

**(માણાવદર પોલીસ સ્ટેશન ફસ્ટ્ર ગુ.ર.નં.૫૧/૨૦૦૮)**

---

**૧.** હાલની અરજી, કેસ પેપર્સ વંચાણે લેવામાં આવેલ છે. કાયદાના પ્રબંધો લક્ષે લીધા અને હાલની અરજી પરત્વે આરોપી નં. ૨ પક્ષ તર્ફે તેમના વિ.વ.શ્રી ડી.આર.અભાણી તથા ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.કુમારીશ્રી.કે.બી.ટાંક ધ્વારા કરવામાં આવેલ રજુઆતો સાંભળવામાં આવેલ છે.

**૨.** હાલની અરજી આ કામના આરોપી નં. ૨ વિનોદ કાંતીલાલ પટેલ ધ્વારા રજુ કરવામાં આવેલ છે. પુનરાર્વતન ટાળવાના હેતુથી અરજીના તમામ કથનો પુનઃ અહી લખવામાં આવેલ નથી. આરોપી નં. ૨ વિનોદ કાંતીલાલ પટેલ ધ્વારા હાલની અરજીના પેરાનં. ૫ ના સબ પેરા નં. ૧ થી ૧૭ માં વર્ણન કરવામાં આવેલ કારણોસર તેઓની ડીસ્ચાર્જ અરજી મંજુર કરવા અરજ કરેલ છે. સદર કારણોમાં તેઓએ મુખ્યત્વે કથનો કરેલ છે કે, ફરીયાદીએ આપેલ ફરીયાદમાં તેઓનુ નામ નથી. ફરીયાદી સાથે આરોપી નં. ૨ કયારેય ડાયરેકટ કે ઇન ડાયરેકટ વેપાર વ્યવહાર થયેલ નથી. હાલના કીસ્સામાં ફોજદારી ગુનો બનતો નથી. બાકી લેણી રકમ વસુલ મેળવવા ફોજદારી કાયદાનો દુરપયોગ કરેલ છે. અનીલ ઠકકર, સતીષ પ્રભુદાસ તથા તારીફભાઇ મારફત કોઇ રૂની ગાસડીની લે વેચ કરવામાં આવેલ નથી. ચાર્જશીટમાં આરોપી નં. ૨ નાઓના રોલ અંગે કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. સાહેદોના નિવેદનોમાં આરોપી નં. ૨ નાઓ સામે કોઇ હકીકતો રેર્કડ પર આવેલ નથી. પ્રહલાદભાઇ શંભુભાઇ પટેલ, બીપીનભાઇ નારણભાઇ પટેલ, જયેશ રામભાઇ પટેલ, દીલીપભાઇ મુઘુભાઇ પટેલ તથા અમીત ઘેલાભાઇ પટેલ, નટવરભાઇ પ્રભુદાસ પટેલ તથા રામભાઇ નારણદાસ પટેલ ના નિવેદનોમાં જે હકીકતો જણાવેલી છે તે મુજબ તેમાં હાલની ફરીયાદમાં જણાવેલ લોટ નંબર કે પ્રેસ નંબરની ગાસડીનો કોઇ વેપાર કે વ્યવહાર થયેલ નથી. જે ચેકો રજુ થયેલ છે તે પૈકી એક પણ ચેક આરોપી નં. ૨ ના નામે કે આરોપી નં. ૨ ની પેઢીના નામે નથી. રજુ થયેલ ઇનવોઇસ અને દસ્તાવેજી પુરાવાના બીલોમાં પણ આરોપી નં. ૨ વિરૂધ્ધ પુરાવો નથી. આરોપી નં. ૨ ના નામે કે આરોપી નં. ૨ ની પેઢીના નામે કરેલ કોઇ પેમેન્ટ કે બેક એકાઉન્ટની વિગતો રેર્કોડ પર

આવેલ નથી. જેથી આરોપી નં. ૨ સામે કોઇ પ્રાયમાફેસી કેસ બનતો ન હોય આરોપી નં. ૨ ના ઓને ડીસ્ચાર્જ કરવા અરજ કરેલ છે.

**3.** આંક ૧ થી રજુ ચાર્જશીટના કોલમ નં. ૫ માં આક્ષેપ કરવામાં આવેલ છે કે, આરોપી અનીલ ઠક્કર કે જેઓ કાયદેસરના દલાલ કે પેઢી ધરાવતા ન હોય તેઓ છુટક દલાલ છે. તેઓએ પોતાનુ નામ ખોટુ અનીલ શર્મા ધારણ કરી આરોપી સતિષ પ્રભુદાસ મારફતે માણાવદર ખાતે ફરીયાદ પક્ષનો સંપર્ક કરી નિતીન(રાજસ્થાન), આલ્પસ (હરદ્વાર), વિગેરે મીલોને રૂની ગાંસડીઓનુ વેચાણ કરવા વિશ્વાસ આપી આરોપી મહંમદ તારીક ગુલામ મચોદિનના ટ્રાન્સપોર્ટ ધ્વારા માણાવદર ખાતેથી ફરીયાદ પક્ષ પાસેથી માહે જાન્યુ/૦૮ થી ઓગષ્ટ/૦૮ દરમ્યાન રૂની ગાંસડી નંગ ૨૧૯૬, રૂા.૨,૭૮,૧૬,૬૦૭/- ની મંગાવી તે જે તે મીલોને માલ નહી પહોચાડી ગેરકાયદેસર રીતે બીલ વગર અમદાવાદ વિગેરે સ્થળોએ વેચી નાખી તે પેટે રૂા.૧,૯૩,૫૯,૦૬૦/- ની રકમ ફરીયાદ પક્ષને ચુકવી બાકી ગાંસડી નંગ ૬૦૪ રૂા.૮૩,૫૭,૫૪૪/- નહી ચુકવી છેતરપીડી કરેલ. ફરીયાદ પક્ષને બાકી રકમ ચુકવવાનો વિશ્વાસ આપી તે પેટે આરોપી અનીલ ઠક્કરે પોતાના યુકો બેક અમદાવાદ ખાતા નંબર ૪૬૩૬ ના ચેકો આપેલ. તે ખાતુ બંધ હતુ. તેનો તે ચેકનો ઉપયોગ કરેલ. આ ચેકમાં શિવમ ટ્રેડસનો સીકકો મારેલ. તે પેઢી કાલ્પનીક છે. સીકકો ખોટો બનાવેલ તેનો નાશ કરી નાખેલ તેમજ ચેકમાં એ.પી.શાહ એ રીતે સહી કરેલ. તે નામની કોઇ વ્યકિત નથી અને તે બનાવટી સહી કરેલ. આરોપી બીપીન ત્રિભોવનદાસના એડીસી બેક અમદાવાદ ખાતાના બેક ખાતાનો ઉપયોગ કરી તે બેક ખાતામાંથી ફરીયાદ પક્ષને નાણાં ચેક ધ્વારા મોકલેલ. આરોપી પ્રાણલાલ મણીલાલ ભાગ્યોદય જીનીગ ધાકડીના ચેરમેન અને આરોપી રમેશ કેશવભાઇ મેનેજર છે તેઓએ સદર જીનના બીલો આરોપી રાજેન્દ્રકુમાર રમણીકલાલ ઠક્કરને ગેરકાયદેસર રીતે આપી જીન ખરીદી તથા વેચાણ બતાવવા ખેડુતોના નામે આ જીનમાં બેક ખાતાના ખોટા ચેકો ઉધારી ચેકો ખેડુતોને નહી આપતા મુખ્ય આરોપી અનીલ ઠક્કરે આપેલ તે ચેકો તેઓએ અન્ય નાની રકમના ચેકો સામે હાઇ વેલ્યુ કલીયરીગ કરાવી તે મોટી રકમના ચેકો ફરીયાદ પક્ષના ખાતામાં જમા કરાવેલ. આ કામે સાહેદોને પોતાના સ્પીનીગ ફેકટરીમાંથી દોરાનુ વેચાણ કરેલ તેનુ બીલ નહી આપી આ સાહેદોએ આપેલ ચેકો મુખ્ય આરોપી અનીલ પાસે ગયેલ. ***આરોપી અનીલ ઠક્કરે છેતરપીડીથી મેળવેલ***

***રૂ ની ગાંસડીઓ વગર બીલે વેચવા આરોપી જેન્તી બેચર, ચતુર ગોવિંદ, વિનોદ કાંતીલાલને દલાલ તરીકે રાખી વેચવા આપેલ. તેઓના જણાવ્યા મુજબ અડધો ટકા દલાલીથી રૂની ગાંસડીઓ વગર બીલે વેચેલ હોવાનુ જણાયેલ. આ આરોપીઓએ બીપીન ત્રિભોવનદાસની બનાવટી બીલો તથા પોતાની પેઢી ના બીલો અને અન્ય પેઢીના બીલો આધારીત છેતરપીડીથી મેળવેલ રૂની ગાસડીઓનુ વેચાણ કર્યાનુ ફલીત થયેલ. આરોપી મહેન્દ્ર બેચરદાસ તથા ચંદ્રકાન્ત ચીમનલાલને આરોપી ચતુર શીંગાળાએ વગર બીલે રૂ ની ગાસડીઓ આપી હોવાનુ ફલીત થયેલ છે. ઉપરોકત વિગતે આરોપીઓએ કાવત્રુ રચી પોતાના અંગ આર્થિક લાભ માટે ફરીયાદ પક્ષ સાથે છેતરપીડી કરેલાનુ ફલીત થયેલ છે.*** ફરીયાદીની ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારે તપાસ પુર્ણ કરી આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૭, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૨, ૪૭૪, ૪૧૯, ૨૦૧, ૧૧૪, ૧૨૦બી મુજબન ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

**૪.** ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા મૌખિક દલીલો કરી જણાવેલ છે કે, હાલના આરોપીએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ફરીયાદ રદ કરવા માટે પીટીશન કરેલ. નામદાર ગુજરાત હાઇકોર્ટે હાલના આરોપી પુરતી પીટીશન રદ કરેલ છે. ફરીયાદીની ફરીયાદ તેમજ સાહેદોના નિવેદનો, દસ્તાવેજી પુરાવા તેમજ સાંયોગિક પુરાવા જોતા આરોપી સામે પ્રથમદર્શનિય પુરાવો જણાય છે. જેથી ડિસ્ચાર્જ અરજી મંજુર કરવા સામે વાંધો છે.

**૫.** આરોપી પક્ષે રજુ થયેલ આંક ૬૫ ની લેખિત દલીલો વંચાણે લેવામાં આવેલ છે. પુનરાવર્તન ટાળવાના હેતુથી સદર તમામ દલીલોના મુદા પુનઃ અહી લખવામાં આવેલ નથી.

**૬.** ઉભય પક્ષકારોની રજુઆતો લક્ષે લીધી. ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૭, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૨, ૪૭૪, ૪૧૯, ૨૦૧, ૧૧૪, ૧૨૦બી મુજબના ગુનાના પ્રબંધો તથા ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૨૩૯ ની કાયદાની જોગવાઇ લક્ષે લેવામાં આવેલ છે. હાલના આરોપી વિનોદકુમાર કાંતીલાલ પટેલનુ નામ એફ.આઇ.આરમાં ન હોય તે માત્રથી

તેઓ સામે કોઇ પુરાવો ન હોવાનુ માની શકાય નહી. એફ.આઇ.આર નોધણી થયા બાદ તપાસના ક્રમ દરમ્યાન કોઇ ઇસમની ગુનામાં સંડોવણી ખુલવા પામે તો સદર ઇસમ સામે પણ ચાર્જશીટ થઇ શકે છે. હાલના આરોપી નં. ૨ તર્ફે તેઓના બચાવમાં માર્ક ૬૬/૧ થી માર્ક ૬૬/૨૦ સુધીના દસ્તાવેજો રજુ રાખેલ છે. જે દસ્તાવેજો ધ્યાનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે. પ્રતિપાદિત થયેલ સિધ્ધાત અનુસાર આરોપી સામે તહોમતનામુ ફરમાવતી વખતે અથવા આરોપીની ડીસ્ચાર્જ અરજી નિર્ણય કરતી સમયે સૌપ્રથમ ફરીયાદ પક્ષે રજુ રાખવામાં આવેલ પુરાવા વંચાણે લેવાના હોય છે. આરોપીએ પોતાનો બચાવ કેસની ટ્રાયલમાં દર્શાવવાનો રહે છે. વધુમાં માર્ક ૬૬/૧ થી માર્ક ૬૬/૨૦ થી રજુ થયેલ દસ્તોજોની વિગતોની યર્થાથકતા પરત્વે વિગતવાર પુરાવો નોધ્યા સિવાય હાલના તબકકે કોઇ તારણ આપી શકાય નહી.

**૭.** હાલની અરજી પરત્વે હાલના તબક્કે આરોપી નં. ૨ વિનોદ કાંતીલાલ પટેલ સામે પ્રથમદર્શનીય ગુનો બને છે કે કેમ? અને ચાર્જ ફ્રેમ કરવા જેટલો પ્રથમદર્શનીય પુરાવો છે કે કેમ? તે અનુસંધાને જ રેકોર્ડ પર રજુ થયેલ વિગતો તથા દસ્તાવેજી આધારોનુ મુલ્યાકન કરવાનુ રહે છે. હાલના તબકકે શંકાથી પર રહીને ફરીયાદ પક્ષે કેસ સ્થાપિત કરવાનો રહેતો નથી. તપાસ કરનાર અમલદારે આંક ૧ થી રજુ ચાર્જશીટના કોલમ નં. ૫ માં આ કામના આરોપી નં. ૨ વિપુલ કાંતીલાલ પટેલ ધ્વારા ગુનામાં ભજવેલ ભુમિકા પરત્વે સ્પષ્ટ વિવરણ કરેલ હોવાનુ ફલીત થાય છે. હવે આ કામે ચાર્જશીટ સાથે રજુ થયેલ સાહેદોના નિવેદનોના સાધનિક પેપર્સ તથા રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા લક્ષે લેતા હાલના કામે ફરીયાદ હકીકત અનુસારના ગુનાનુ આચરણ થયેલ હોવાનુ પ્રથમદર્શનીય ફલીત થાય છે. ફરીયાદી વિમલ સૌમેયાનુ તા. ૨૩/૧૨/૨૦૦૯ ના રોજનુ વિશેષ નિવેદન વંચાણે લેતા તેઓના નિવેદનમાં હાલના આરોપી વિનોદ કાંતીલાલ પટેલનાઓ ધ્વારા આચરણ કરવામાં આવેલ કુત્ય પરત્વે કથનો કરેલ હોવાનુ ફલીત થાય છે. તા.૨૯/૦૫/૨૦૧૦ ના રોજનુ સાહેદ પ્રહલાદભાઇ શંભુભાઇ પટેલનુ તપાસ કરનાર અમલદાર રુબરુનુ નિવેદન વંચાણે લેતા હાલના આરોપીએ આપેલ બીલમાં પેઢીનુ નામ પટેલ વિનોદકુમાર કાંતીલાલ એન્ડ કંપની કોટન મરચન્ટ અને કમીશન એજન્ટ વિસનગર લખેલ હોવાનુ કથન કરવામાં આવેલ છે. તા.૩૧/૦૫/૨૦૧૦ ના રોજના સાહેદ બીપીનભાઇ નારણભાઇનુ નિવેદન વંચાણે લેતા તેઓએ કથન કરેલ છે કે, વિનોદ કાંતિલાલે તેઓને રૂની ગાંસડી વેચવામાં દલાલ તરીકે નહી

પંરતુ વેપારી તરીકે વ્યવહાર કરેલ છે. તા.૩૧/૦૫/૨૦૧૦ ના રોજના સાહેદ જયેશ રામભાઇ પટેલનાઓનુ તથા સાહેદ દીલીપભાઇ માઘુભાઇ પટેલનાઓનુ નોઘવામા ંઆવેલ નિવેદન વંચાણે લેતા તેઓએ કથન કરેલ છે કે, વિનોદ કાંતિલાલે તેઓને રૂની ગાંસડી વેચવામાં દલાલ તરીકે નહી પંરતુ વેપારી તરીકે વ્યવહાર કરેલ છે. તા.૩૧/૦૫/૨૦૧૦ ના રોજનુ સાહેદ અમીત ઘેલાભાઇનુ નિવેદન વંચાણે લેતા તેઓએ પણ વિનોદ કાંતીલાલ પાસેથી રૂની ગાંસડી લીઘેલ હોવાનુ અને બીલ પટેલ વિનોદકુમાર કાંતીલાલ એન્ડ કું. વિસનગરનુ હોવાનુ કથન કરેલ છે. તા.૦૧/૦૬/૧૦ ના રોજના સાહેદ નટવરભાઇ પ્રભુદાસ પટેલના નિવેદનમાં પણ ઉપરોકત હકીકત અનુસારની વિગતોનુ કથન કરેલ છે. તપાસ કરનાર અમલદારે આ કામે નોઘવામાં આવેલ સાહેદોના નિવેદનો તથા દસ્તાવેજી પુરાવાના અંતે હાલના આરોપી વિનોદ કાંતીલાલ પટેલ સામે હાલનુ ચાર્જશીટ રજુ કરેલ છે તથા ચાર્જશીટના કોલમ નં. ૫ માં હાલના આરોપીની ભુમિકા પરત્વે પણ સ્પષ્ટ કથન કરેલ હોવાનુ જણાય આવે છે. હાલના ગુનાના કામે આશરે ૯૧ સાહેદોના નિવેદનો નોઘેલ હોવાનુ જણાય આવે છે. ચાર્જશીટ સાથે રજુ રાખેલ સાહેદોના નિવેદનો વંચાણે લેતા તથા રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા લક્ષે લેતા તથા તપાસ કરનાર અમલદારે આંક ૧ થી રજુ ચાર્જશીટના કોલમ નં. ૫ માં દર્શાવેલ આક્ષેપીત વિગતો વંચાણે લેતા હાલના ગુનામાં ભજવવામાં આવેલ આરોપી નં. ૨ વિનોદ કાંતલીલાની ગુનામાં ભજવેલ ભુમિકા પ્રથમદર્શનીય સ્થાપિત થતી હોવાનુ જણાય આવે છે.

૮. હાલના આરોપી નં. ૨ વિનોદ કાંતીલાલે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં આર/કીમીનલ મીસ એપ્લીકેશન (ફોર કવેશીગ એન્ડ સેટે સાઇડ એફ.આઇ.આર/ઓડર) નં ૮૪૨૭/૨૦૧૫ દાખલ કરેલ. નામદાર ગુજરાત હાઇકોર્ટ સદર કેસનાં જાહેર કરેલ હુકમના પેરા નં. ૧૫ માં ઠરાવેલ છે કે, As participation of applicant no 2 Vinodkumar Kantilal Patel is concerned, it would be apposite to refer to the report dated 01/07/2010 of the superintendent of police, Junagadh where in the investigation, it is revealed that though he was acting as commission agent has directly sold the cotton bales in the market and also generated various forged bills to that effect. The investigation also primafacie reveals that the bills are prepared in their name as well as in the name of other firms and they have also received the amounts, it is case of the applicant no 2 and 3 that they were in fact only getting brokerage of half percent

of the sale, primafacie does not inspire confidence since, it appears that they were directly involved in selling the cotton bales by forging the bill in the open market which were fraudulently procured by the main accused Anil Thakker. The cotton bales were meant to be sold to the spinning factories of Rajasthan, Haridwar etc. but the same were fraudulently diverted to the local market of Gujarat by the main accused Anil Thakker who in turn engaged the applicants for selling such goods. પેરા ૨૧ માં ઠરાવેલ છે કે, the impugned charge sheets and the criminal cases are sustained apropos applicant no 2 and 3. The trail shall proceed further against the applicants vinodkumar kantilal patel and chaturbhai govindbhai singala. ઉપરોકત વર્ણન કરેલ કેસમાં હાલના ગુનાની એફ.આઇ.આર રદ કરવા માટેની આરોપી નં. ૨ વિનોદ કાંતીલાલનાઓની અરજ નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા સદર આરોપી નં. ૨ વિનોદ કાંતીલાલ પટેલ પરત્વે ગ્રાહ્ય રાખેલ નથી.

**૯.** આમ, આ કામે રજુ થયેલ સાહેદોના નિવેદનોની વિગતો લક્ષે લેતા તથા એફ.આઇ.આરની વિગતો લક્ષે લેતા તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લક્ષે લેતા તથા ઉપરોકત ચર્ચા કરી તે નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા હુકમમાં આપેલ તારણ લક્ષે લેતા તથા કેસના સંજોગો તથા સ્વરૂપ લક્ષે લેતા તથા કાયદાના પ્રબંધો લક્ષે લેતા હાલના તબક્કે આ કામના આરોપી નં. ૨ વિનોદ કાંતીલાલ પટેલ સામે આંક ૧ થી રજુ ચાર્જશીટના કોલમ નં. ૫ માં વર્ણન કરવામાં આવેલ ગુના પરત્વે તહોમતનામુ ફરમાવવા જેટલી વિગતો/પુરાવા રેકોર્ડ પર ઉપલબ્ધ હોવાનુ પ્રથમદર્શનીય જણાતુ હોવાનુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવુ છે.

**૧૦.** આ કામે હાલના આરોપીના વિ.વ.શ્રી.ધ્વારા તેઓની દલીલોની સર્મથનમાં રજુ રાખેલ નીચે મુજબના કેસ ચુકાદા માનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે.

- નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા સ્ટેટ કર્ણાટક લોકાયુકત પોલીસ સ્ટેશન વિ. એમ.આર. હિરમાર્થ કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2019(0) AIJEL SC 64237 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, At the stage of considering an application of discharge, Court must proceed on the assumption that the material brought on record by the prosecution is true.
- નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા રાજુ રૂપચંદ કિશાની વિ. સ્ટેટ ઓફ ગુજરાત કેસમાં

આપવામાં આવેલ ચુકાદો કે જે 2019(0) AIJEL HC 241091 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, From the above discussion it seems well settled that at the Sections 227-228 stage the Court is required to evaluate the material and documents on record with a view to finding out if the facts emerging therefrom taken at their face value disclose the existence of all the ingredients constituting the alleged offence. The Court may for this limited purpose shift the evidence as it cannot be expected even at the initial stage to accept all that the prosecution states as gospel truth even if it is opposed to common sense or the broad probabilities of the case."

As is evident from the paragraph extracted above if the Court is satisfied that a prima facie case is made out for proceeding further then a charge has to be framed. Per contra, if the evidence which the prosecution proposes to produce to prove the guilt of the accused, even if fully accepted before it is challenged by the cross-examination or rebutted by the defence evidence, if any, cannot show that accused committed the particular offence then the charge can be quashed."

- નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા વિનોદભાઇ ઉર્ફે વાલજીભાઇ ભગવાનભાઇ રબારી વિ. સ્ટેટ ઓફ ગુજરાત કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2017(0) AIJEL HC 238511 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, Provisions of discharge of accused in absence of prima facie evidence against any person at the stage of framing of charge – Court has to consider the material with a view to find out if there is ground for presuming that accused has committed the offence or that there is no sufficient ground to proceed.
- નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા શીવશંકર ઉપાધ્યાય વિ. સ્ટેટ ઓફ ગુજરાત કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2017(0) AIJEL HC 238504 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, No civil remedy was chosen by the informant/ complainant against the present petitioner for the loss caused to him, if any, but from the papers available on record, prima facie, no criminal offence is prima facie committed by the present petitioner under Section 407 IPC, as he being onl6y a Broker, who arranged for a motor vehicle for

carriage of goods.

- નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા યોગેશ ઉર્ફે સચીન જગદીશ જોષી વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2008(2) G.L.H.596 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, Code of Criminal Procedure, 1973 – S.227 – The test to determine a prima facie case – Depends upon the facts of each case – By and large, however if two views are equally possible and the Judge is satisfied that the evidence produced before him gives rise to suspicion only as distinguished from grave suspicion, he will be fully within his right to discharge the accused – It is not to see as to whether the trial will end in conviction or not – Test to be applied is whether the materials on record, if unbuttered, makes conviction reasonably possible.
- નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા અમરીશ રાજપુટ વિ. સ્ટેટ ઓફ ગુજરાત કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2006 (1) G.L.H. 324 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે,Discharge – Out of several offences, if Prosecution evidence does not show that the accused committed a particular crime, the Court can discharge the accused from that crime – Accused can pray that out of various charges, basic ingredients of a particular offence are missing and there is no chance of his conviction even at the end of the trial for that offence – In such circumstances, he should be discharged from at least that particular charge or offence.
- નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા કે.રામાકિષ્ણા વિ. સ્ટેટ ઓફ બિહાર કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2008(0) GLHEL – SC 13492 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, prayer for quashing of criminal proceedings – powers of the Court – appellants are senior officers of bank – complaints against irregularities in affairs of branch of bank – none of appellants found to be in any way connected with commission of offences – held, on perusal of FIR, the final report and all other documents accompanying it not even iota of evidence against said officers has been established to make out any case – proceedings quashed – appellants discharged in terms of S. 239.
- નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા જી.સાગર સુરી અને બિજાઓ વિ. સ્ટેટ ઓફ યુ.પી. કેસમાં

આપવામાં આવેલ ચુકાદો કે જે 2000(2) G.L.H. 191 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, Complaint under S.138 of Negotiable Instruments Act filed – Later, FIR under Ss. 406/420 IPC lodged – Held, on facts, since complaint u/S. 138 was already filed, thereafter lodging FIR u/Ss. 406/420 IPC was abuse of process of law – Prosecution against the appellants for those offences quashed.

- નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા અનુજકુમાર રવજીભાઇ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 1985 G.L.H. 696 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, Ordinarily one would not expect the Court to pass a speaking order while framing charge. But when there is a contest and when it is contended by the accused that there is no material to frame charge against him and yet the Court is inclined to frame charge against him, a speaking order should be passed stating reasons, of course in brief, as to why the Court was inclined not to discharge the accused but to frame charge against him, just as he would give reasons while discharging the accused.

ઉપરોકત ચર્ચા કરી તે કેસચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાત શીરોમાન્ય છે. પંરતુ હાલના હાથ પરના કેસની હકીકતો અલગ હોવાનુ અને ઉપરોકત ચર્ચા કરી તે કેસ ચુકાદાઓની હકીકત અલગ હોવાનુ નમ્રપણે માનવુ છે. હાલના કેસમાં આરોપી વિનોદ કાંતીલાલ પટેલ સામે તહોમતનામુ ફરમાવી શકાય તેવા પુરાવા હોવાનુ પ્રથમદર્શનીય જણાય આવેલ છે. ઉપરોકત ચર્ચા કરી તે કેસ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાત અનુસાર જ હાલના હુકકમાં ચર્ચા કરવામાં આવેલ છે.

**૧૧.** આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકતો લક્ષે લેતા તથા કાયદાના પ્રબંધો લક્ષે લેતા આ કામના આરોપી નં. ૨ વિનોદ કાંતીલાલ પટેલ સામે ચાર્જશીટના કોલમં નં. ૫ માં આક્ષેપ કરવામાં આવેલ ગુનાઓ મુજબનુ તહોમતનામુ ફરમાવી શકાય તેટલી વિગતો તથા પુરાવો રેકોર્ડ પર પ્રથમદર્શનીય રીતે પ્રસ્થાપિત થયેલ હોવાનુ ફલીત થયેલ હોય હાલની અરજી પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

- આરોપી નં. ૨ વિનોદ કાંતીલાલ પટેલ તર્ફે રજુ થયેલ હાલની ડિસ્સાર્જની અરજી આથી ના-મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તા. ૩૦ માહે જુલાઇ સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વંથલી

તા.૩૦/૦૭/૨૦૨૧

**(ભદ્રેશ હસમુખલાલ ગાંધી)**

એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વંથલી

જજ કોર્ડ નં.જીજે૦૦૯૫૭